ગાંધીનગર સમાચાર

# વાજપેયી-મદન મોહન માલવીયાને ભારત રત્ન

નવી દિલ્હી,તા. ૨૪

કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકારે આખરે ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી અને વારાણસી હિન્દુ યુનિવર્સિટીના સ્થાપક મદન મોહન માલવીયાને ભારત રત્ન આપવાનો આજે નિર્ણય કર્યો હતો. આની સાથે જ છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. આ ઉપરાંત ભાજપ દ્વારા લાંબા સમયથી કરવામાં આવેલી માંગણીને પણ સ્વિકારી લેવામાં આવી હતી. આજે યોજાયેલી કેબિનેટની બેઠકમાં આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. કેબિનેટની બેઠક બાદ વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને ભારત રત્ન આપવા સાથે સંબંધિત ભલામણ રાષ્ટ્રપતિને મોકલી હતી. વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં યોજાયેલી બેઠકમાં વાજપેયી અને માલવિયાને દેશના સૌથી મોટા નાગરિક સમ્માન ભારત રત્નથી સન્માનિત કરવાનો નિર્ણય કરાયો હતો. આ બેઠકમાં કેન્દ્રીય પ્રધાન અરુણ જેટલી, સુષ્મા સ્વરાજ, નિતીન ગડકરી, રાજનાથસિંહ અને અમિત શાહે પણ હાજરી આપી હતી. છેલ્લા ૫ વર્ષથી વાજપેયીને ભારત રત્ન આપવાની માંગણી કરવામાં આવી રહી હતી. આજે બપોરે આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી. વાજપેયીના આવતીકાલે જન્મદિવસવેળા આની જાહેરાત થશે.વડાપ્રધાન મોદીએ આનું વચન પણ ચુંટણી પ્રચાર દરમિયાન આપ્યું હતું. રાષ્ટ્રપતિ ભવન તરફથી મોડેથી યાદી જાહેર કરવામાં આવી હતી. ૪૩ લોકોને ભારત રત્નથી આ એવોર્ડની શરૂઆત કરાયા બાદથી સન્માનિત કરાયા છે. જેમાં વૈજ્ઞાનિક સીવી રામન, ક્રિકેટર





સચિન તેંડુલકર, ગાયિકા લતા મંગેશકર, રાજકારણી રાજગોપાલાચારીનો સમાવેશ થાય છે. કેબિનેટ તરફથી ભલામણ મળ્યા બાદ રાષ્ટ્રપતિ ભવન દ્વારા ટ્વીટ કરીને આ અંગે માહિતી આપવામાં આવી હતી. ભાજપ દ્વારા લાંબા સમયથી વાજપેયીને ભારત રત્ન આપવાની માંગ કરવામાં આવી રહી હતી. આખરે વાજપેયીને ભારત રત્ન આપવા માટેની માંગણી સ્વીકારી લેવામાં આવી હતી. સત્તામાં આવ્યા બાદથી જ માનવામાં આવી રહ્યું હતું કે મોદી સરકાર ચોક્કસપણે વાજપેયીને ભારત રત્ન આપશે. વાજપેયીની સાથે સાથે વારાણસી હિન્દુ યુનિવર્સિટીના સ્થાપક મદન મોહન માલવીયાને પણ ભારત રત્ન આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. માલવીયાને મરણોપરાંત ભારત રત્ન આપવામાં આવનાર છે. આવતીકાલે વાજપેયીનો જન્મ દિવસ છે. જેને ભાજપ સરકારે શુસાસન દિવસ તરીકે મનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. માલવીયાનો પણ આવતીકાલે જ જન્મ દિવસ છે. જેથી ભારત રત્ન આપવાની જાહેરાતને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. હજુ સુધી કુલ ૪૩ લોકોને ભારત રત્ન આપવામાં આવ્યા છે. જો વાજપેયી અને માલવીયને ભારત રત્ન આપવાની જાહેરાત કરવામાં આવે છે તો તેઓ ક્રમશ ૪૪ અને ૪૫મી હસ્તી રહેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે પોતાના મતવિસ્તાર વારાણસીમાં પહોંચનાર છે. એમ માનવામાં આવે છે કે વારાણસી જતા પહેલા મોદી વાજપેયીન મળીને તેમને શુભકામના આપશે.ભારત રત્ન આપવાના નિર્ણયનુ તમામે સ્વાગત કર્યુ છે. ભાજપના વરિષ્ઠ નેતાઓએ આ નિર્ણયનુ સ્વાગત કરીને કહ્યું છે કે આ તમામ માટે ગર્વની બાબત છે.

## મેડિકલ ડિવાઈસ સેક્ટરમાં ૧૦૦ ટકા એફડીઆઈને મંજુરી

નવીદિલ્હી,તા. ૨૪

મોદી સરકારે આજે મેડિકલ ડિવાઈસ સેક્ટરમાં ૧૦૦ ટકા એફડીઆઈને લીલીઝંડી આપી હતી. ડાયગ્નોસ્ટિક કિટ્સ અને અન્ય સાધનો સહિતના નવા સાધનોના મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા મેડિકલ ડિવાઈસ સેક્ટરમાં ઓટોમેટિક રુટ હેઠળ ૧૦૦ ટકા એફડીઆઈને મંજુરી આપી છે. આ ઉપરાંત કેબિનેટે કોલસા અને વિમા સુધારા અંગેના વટહુકમને પણ મંજુરી આપી છે. કેન્દ્રીય કેબિનેટની બેઠક આજે નોંધાઈ હતી જેમાં આ મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યા હતા. આ તમામ નિર્ણયનો સુધારાની દિશામાં મહત્વપૂર્ણ તરીકે ગણવામાં આવે છે. સરકારે મેડિકલ ડિવાઈસ સેક્ટરમાં ૧૦૦ ટકા એફડીઆઈને મંજુરી આપતા ।નાથી સીધો ફાયદો થશે. વિમામાં વિદેશી મૂડીરોકાણની મર્યાદાને ૨૬ ટકાથી વધારીને ૪૯ ટકા કરવાના વટહુકમને મંજુરી આપવામાં આવી છે. આને લઈને સીધો ફાયદો થશે. વિમા સેક્ટર ઉપર વટહુકમ પર વ્યાપક ચર્ચા કરવામાં આવી હતી. ૪૯ ટકાની મર્યાદા એફડીઆઈ અને ફોરેન પોર્ટફોલિયો બંને ઉપર લાગૂ થશે. કેન્દ્રીય કેબિનેટની બેઠક બાદ સત્તાવાર નિવેદન જારી કરાયું હતું જેમાં જણાવાયું હતું કે, ફાર્મા સેક્ટરમાં એફડીઆઈ પોલિસીના સંદર્ભમાં નવી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ઓટોમેટિક રુટ હેઠળ ૧૦૦ ટકા એફડીઆઈને મંજુરી અપાઈ છે. આનો મતલબ એ થયો કે, મેડિકલ ડિવાઈસ સેક્ટરમાં મેન્યુફેક્ચરિંગ યુનિટ સ્થાપિત કરવા અથવા તો પ્રવર્તમાન કંપનીને મેળવવા એફઆઈપીબીની મંજુરી મેળવવી પડશે નહીં. અગાઉ ચોક્કસ શરતો હેઠળ ૧૦૦ ટકા એફડીઆઈને મંજુરી હતી.

ફાર્મા સેક્ટર અંગેની પોલિસી આ વિસ્તારમાં મેડિકલ સાધનોને આવરી લેતી હતી. હવે કેન્દ્રીય કેબિનેટે પ્રવર્તમાન પોલિસીમાં સુધારો કરીને મેડિકલ ડિવાઈસ સેગ્મેન્ટને અલગ કરવાનો નિર્ણય કર્યો છે. હજુ સુધી ગ્રીનફિલ્ડ અને ગ્રાઉન્ડફિલ્ડ પ્રોજેક્ટોમાં ૧૦૦ ટકા એફડીઆઈને મંજુરી હતી. મેડિકલ સાધનોમાં તમામ ઉપોયગી સાધનો સામેલ છે. જેમાં કેલિબ્રેટર, કન્ટ્રોલ મેટેરિયલ કિટ, અન્ય સાધનો સામેલ છે. દરમિયાન સુધારાની દિશામાં આગળ વધીને વિમા સેક્ટર અને કોલસા બ્લોક હરાજીમાં એફડીઆઈ વધારવા વટહુકમને મંજુરી આપી છે. રાજ્યસભામાં આ બિલ હાથ ધરી શકાયું ન હતું.

## આસામમાં બોડોનો આતંક : ૬૫ લોકોની હત્યા

ગુવાહાટી,તા. ૨૪

આસામના કોકરાઝાર અને સોનિતપુર જિલ્લામાં નેશનલ ડેમોક્રેટિક ફ્રન્ટ ઓફ બોડોલેન્ડ (એનડીએફબી)ના બોડો બળવાખારો દ્વારા કરવામાં આવેલા ભીષણ હુમલામાં મોતનો આંકડો આજે વધીને ૬૫ ઉપર પહોંચી જતાં સમગ્ર આસામ હચમચી ઉઠ્યું છે. બીજી બાજુ નારાજ આદિવાસી ગામવાળાઓએ વળતો હુમલો કરીને બોડોના અનેક મકાનોને આગ ચાંપી દીધી હતી. બે બંડખોરોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. સાથે સાથે વિરોધ દેખાવો યોજ્યા હતા. આસામ સરકારે આ હત્યાકાંડમાં અચોક્કસ મુદતની સંચારબંધી લાદી દીધી છે. સોનિતપુરમાં ૩૭ અને કોકરાઝારમાં ૨૫ સાથે મોતનો આંકડો વધ્યો છે. બંને જગ્યાએ ભારે આતંક મચાવવામાં આવ્યો છે. સોનિતપુર હુમલામાં માર્યા ગયેલા તમામ લોકો આદિવાસી હોવાનું જાણવા મળ્યું છે. હત્યાકાંડ આસામ અને અરુણાચલ વચ્ચેની આંતરરાજ્ય સરહદ નજીક બન્યો છે. મુખ્યમંત્રી તરુણ ગોગોઈએ આ હુમલાને વખોડી કાઢીને કહ્યું છે કે, સરકાર હુમલા સમક્ષ ઝુંકશે નહીં અને તેમની માંગણી પણ સ્વીકારવામાં આવશે નહીં. આદિવાસીઓએ કોકરાઝારમાં બંડખોરોના મકાનોને



આગ ચાંપી દીધી હતી. ચિરાંગ જિલ્લામાં બે બોડોને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. પોલીસ સાથેની અથડામણમાં પણ કેટલાક લોકો ઘાયલ થયા છે. આસામના મુખ્યમંત્રીએ સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવા અને પ્રધાનોને ઘટનાસ્થળ ઉપર મોકલવાનો આદેશ કર્યો છે. આર્મીને પણ હિંસાગ્રસ્ત વિસ્તારોમાં બોલાવી લેવામાં આવી છે. સોનિતપુર જિલ્લામાં ચાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સંચારબંધી લાદી દેવામાં આવી છે. બોડો બળવાખોરોએ ફરી એકવાર આતંક મચાવી દીધો છે. આ બળવાખોરોએ અંધાધુંધ ગોળીબાર કરીને ૬૫ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા છે. માર્યા ગયેલા લોકોમાં મહિલાઓ પણ સામેલ છે. બળવાખોરોએ આદિવાસી સમુદાયને ટાર્ગેટ બનાવીને આ હુમલો કર્યો હતો. સોનિતપુરના એસપી સંયુક્તા પરાશરે કહ્યું છે કે જિલ્લામાં ૨૬ લોકોના મોતના અહેવાલને સમર્થન મળી ચુક્યું છે. આ હત્યાકાંડ બાદ સમગ્ર આસામમાં રેડ એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. અર્ધલશ્કરી દળની વધારાની ટુકડી મોકલી દેવામાં આવી છે.

સમાચાર ચેનલ દ્વારા અહેવાલ આપતા જણાવવામાં આવ્યું છે કે આ હત્યાકાંડ મંગળવારે સાંજે કરવામાં આવ્યો હતો. ખુબ યોજનાપૂર્વક આ હત્યાકાંડને અંજામ આપ્યા બાદ બળવાખોરો ફરાર થઈ ગયા હતા. હુમલામાં મુસ્લિમોને પણ ટાર્ગેટ બનાવવામાં આવ્યા હતા. સાથે સાથે આદિવાસીઓને શોધી શોધીને મારવામાં આવ્યા હતા. આ હુમલાના સાક્ષી રહેલા સુત્રોએ કહ્યું છે કે બળવાખોરોએ અંધાધુંધ ગોળીબાર કર્યો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકો માર્યા ગયા છે. આ હુમલામાં નેશનલ ડેમોક્રેટિક ફ્રન્ટ ઓફ બોડોલેન્ડનો હાથ હોવાનુ જાણવા મળ્યું છે. લાંબા સમય બાદ ફરી એકવાર બળવાખોરોએ આંતક મચાવ્યો છે. પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે નેશનલ ડેમોક્રેટિક ફ્રન્ટના શાંતિ વિરોધી જુથના બળવાખોરો દ્વારા કોકરાઝાર જિલ્લાના સરલપારા ગામ અને સોનિતપુર જિલ્લાના શાંતિપુર ગામમાં હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલાના કારણે લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ છે. હવે રેડ એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. ઉંડી તપાસ પણ હાથ ધરવામાં આવી છે. દરમિયાન મુખ્યપ્રધાન ગોગોઈએ કહ્યું છે કે તેમની સરકાર બળવાખોરો સમક્ષ ઝુકશે નહી.

**જમ્મુ કાશ્મીરમાં પરિસ્થિતિ ખુબ જ જટિલ બની**

## કાશ્મીરમાં છ વધુ સભ્યોનો ટેકો હોવા ભાજપે દાવો કર્યો

નવીદિલ્હી,તા. ૨૪

જમ્મુ કાશ્મીરમાં ભાજપના મિશન ૪૪ને પુરતી સફળતા મળી નથી પરંતુ પાર્ટી જમ્મુ કાશ્મીરમાં સેકન્ડ ફીડલ તરીકેની ભૂમિકા ભજવવા ઈચ્છુક છે. ભાજપે દાવો કર્યો છે કે, છ વધુ ધારાસભ્યો ટેકો આપવાની વાત કરી ચુક્યા છે. ભાજપે ૮૭ બેઠકો પૈકી ૨૫ બેઠકો જીતી હતી. પીડીપીએ ૨૮ બેઠકો જીતી હતી જે ભાજપ કરતા ત્રણ બેઠકો વધારે છે. અહેવાલમાં જણાવાયું છે કે, છ ધારાસભ્યો ટેકો આપવાની વાત કરી ચુક્યા છે તેવો દાવો ભાજપે કરતા રાજકીય ગરમી વધી છે. સાથે સાથે તેનું સંખ્યાબળ વધીને ૩૧ થયું છે. રાજ્યમાં પીડીપી સિંગલ લાર્જેસ્ટ પાર્ટી તરીકે ઉભરી આવી છે. સરકાર રચવા સૌથી પહેલા તક તેને આપવામાં આવશે પરંતુ સંખ્યા તેને પણ મુશ્કેલીમાં મુકી શકે છે.

ભાજપ વગર પીડીપી મુશ્કેલી અનુભવે છે. કોંગ્રેસ ૧૨ ધારાસભ્ય ધરાવે છે જે પીડીપીને બિનશરતી ટેકો આપવાની વાત કરી ચુક્યા છે પરંતુ આવું ગઠબંધન પણ બહુમતિથી ઓછું છે. છથી સાત અન્યોની જરૂર પડી શકે છે. બીજી બાજુ ભાજપ પણ સરકાર રચવાના પ્રયાસ કરી શકે છે. જો નેશનલ કોન્ફરન્સ રાષ્ટ્રીય પાર્ટીને ટેકો આપવા નિર્ણય કરશે તો સરકાર બની શકાય છે પરંતુ આ પ્રકારનું ગઠબંધન બંને માટે યોગ્ય રહેશે નહીં. ભાજપ એનસી સામે જનમતને લઈને મક્કમ છે. મોદી જમ્મુ કાશ્મીરમાં આક્રમક ચૂંટણી પ્રચાર કરી ચુક્યા છે જે ગાળા દરમિયાન તેઓએ એનસી ઉપર દાવા કર્યા હતા. ઓમર અબ્દુલ્લા કહી ચુકી છે કે, તેમની પાર્ટી વિપક્ષમાં બેસવા માટે તૈયાર છે. અબ્દુલ્લાએ ભાજપ સાથે હાથ મિલાવવા સામે પીડીપીને સાવધાન કર્યા છે અને કહ્યું છે કે, આવી હિલચાલ આત્મહત્યા સમાન સાબિત થશે.

## શારદા કાંડ : ઈડી દ્વારા ૧૦ કરોડની સંપત્તિ જપ્ત

નવી દિલ્હી,તા. ૨૪

એનફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના નજીકના સાથી સાનકુદેબ પાંડા સામે સમન્સ જારી કર્યું છે. સાથે-સાથે ૧૦ કરોડની કિંમતના ટીએમસી સાંસદના બોન્ડ જપ્ત કરી લેવામાં આવ્યા છે. શારદા કૌભાંડ સાથેના સંબંધમાં તેમની પૂછપરછ કરવામાં આવનાર છે. પશ્ચિમ બંગાળ સરકાર ઉપર આ મામલાને લઈને દિન પ્રતિદિન દબાણ વધી રહ્યું છે. શારદા કૌભાંડમાં કાર્યવાહી હાથ ધરવામાં આવી ચુકી છે. તૃણમૂલના રાજ્યસભાના સાંસદ એસ બોસની સંપત્તિ પણ જપ્ત કરવામાં આવી ચુકી છે. ટીએમસીના અન્ય બે નેતા પશ્ચિમ બંગાળના પરિવહન પ્રધાન મદન મિત્રા અને સસ્પેન્ડ કરવામાં આવેલા રાજ્યસભાના સાંસદ કૃણાલને પણ પકડી પાડવામાં આવ્યા છે. આ બન્ને હાલ જેલમાં છે. શારદા કૌભાંડને લઈ મમતા બેનર્જીની તકલીફ વધી રહી છે.





ભોપાલ ખાતે યોજાયેલ શિખર ખેલ અલંકારન કાર્યક્રમમાં મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે ભારતની બેડમિન્ટન સ્ટાર સાઈના નહેવાલનું સન્માન કર્યું હતું.

## પાક સેના દ્વારા યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કરાયો

જમ્મુ,તા. ૨૪

પાકિસ્તાની સેનાએ ફરી એકવાર યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કરતા સરહદ પર તંગદીલી ફેલાઈ ગઈ હતી. જમ્મુ કાશ્મીરના કથુઆ જિલ્લામાં સરહદી વિસ્તારમાં પાકિસ્તાની સેનાએ જોરદાર મોર્ટારનો મારો ચલાવ્યો હતો. પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવેલા ગોળીબાર ના જવાબમાં ભારતીય જવાનોએ જોરદાર જવાબ આપ્યો હતો. બન્ને દેશોના જવાનો વચ્ચે કલાકો સુધી ગોળીબારની રમઝટ જામી હતી. બીએસએફના અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે પાકિસ્તાની રેન્જર્સ દ્વારા યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવ્યો હતો. હિરાનગર સબ સેક્ટરના પાનસર સરહદી ચોકી પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. પાનસરમાં અગ્રીમ વિસ્તારમા ગોળીબાર કરવામાં આવ્યો હતો. પાકિસ્તાની સેના દ્વારા ગોળીબાર કરવામાં આવ્યા બાદ સરહદી ચોકી પર ફરજ બજાવતા જવાનોએ મોરચા સંભાળી જવાબી કાર્યવાહી કરી હતી. ગોળીબારનો દોર સવાર સુધી ચાલ્યો હતો. સામ સામે ગોળીબારમાં કોઈ પણપક્ષને નુકસાન થયું નથી. પરંતુ તંગદીલી ફેલાઈ ગઈ હતી. પાકિસ્તાની સૈના દ્વારા આ વર્ષે ઓગષ્ટમાં સતત ગોળીબાર કર્યો હતો. ઓક્ટોબરમાં ૧૫ દિવસ સુધી ગોળીબાર કર્યો હતો.જેમાં ૧૧ લોકોના મોત થયા હતા. ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. ગોળીબારના કારણે ૩૨૦૦૦ લોકો બેઘર થઈ ગયા હતા. પાકિસ્તાનના ગોળીબારના કારણે ભારત અને પાકિસ્તાન વચ્ચે સંબંધ તંગ રહ્યા છે.

## સમાચાર ઝલક

- વલસાડ હાઈવે પર ભાવનગરના જૈન સાધુઓ અકસ્માતથી કાળધર્મ પામ્યા.
- અમદાવાદમાં રિવરફ્રન્ટ ખાતે કિડની હોસ્પિટલના લાભાર્થે પૂ. મોરારીબાપુની કથા તા. ૨૪ જાન્યુઆરીથી યોજાશે.
- સૂરત નજીક અકસ્માતમાં મિત્રનું મૃત્યુ જોઈ હેબતાયેલા મિત્રનું હાર્ટ એટેકથી મોત.
- ગુજરાતમાં બટાકાના બમ્પર ઉત્પાદનને પગલે બટાકાના ભાવ ઘટવા લાગ્યા.
- સૌરાષ્ટ્રમાં તેલના વેપારીઓ પર ત્રાટકતું આવકવેરા ખાતું.
- મુંબઈ-વડોદરા હાઈવે પર અકસ્માત થાય તો 'કેશલેસ' સારવાર મળશે.
- આશારામ બાપુ સામે મજબુત બનતો કેસ.
- મોઢેરા સૂર્યમંદિરમાં ૨૯મી ડીસેમ્બરે સૂર્ય યજ્ઞ યોજાશે.
- દીવ-ગોવામાં નાતાલની ઉજવણી ધામધૂમ કરવા થનગનતું યૌવન.
- ગેસનો બાટલો નોંધવા માટે ૨૧ દિવસની મુદત હટાવાઈ.
- હવે ૩૦મી જુન ૨૦૧૫ સુધી ૨૦૦૫ પહેલાંની ચલણી નોટો બદલી શકાશે.
- ભારતમાં ગુટખા પરના પ્રતિબંધની વિશ્વ આરોગ્ય સંસ્થાએ પ્રશંસા કરી.
- નોર્થ કોરિયાએ વ્હાઈટ હાઉસને ઉડાવી દેવાની ધમકી આપતાં ખળભળાટ.
- વિશ્વમાં ભયાનક ધર્મયુદ્ધની જેહાદીઓની તૈયારી-જર્મન પત્રકારનો અહેવાલ.

## કાશ્મીર ખીણ : ભાજપે બધી બેઠકો પર ડિપોઝીટ ગુમાવી

શ્રીનગર,તા. ૨૪

જમ્મુ કાશ્મીરમાં ભાજપને મિશન ૪૪માં સંપૂર્ણ સફળતા હાથ લાગી નથી. આના માટે કાશ્મીર ખીણમાં ભાજપના ઉમેદવારોના નબળા દેખાવને જવાબદાર ગણવામાં આવે છે. ખીણમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી મતદારોને પ્રભાવિત કરી શક્યા નથી. ભાજપે જમ્મુ કાશ્મીરના ઈતિહાસમાં હજુ સુધીનો સૌથી સારો દેખાવ કર્યો છે પરંતુ તે બહુમતિ મેળવી લેવામાં સફળ ન રહેતા નિરાશા હાથ લાગી છે. ભાજપને જમ્મુમાં ૨૫ બેઠકો મળી છે પરંતુ તેને કાશ્મીર ખીણમાં એક પણ બેઠમ મળી નથી. એટલામાં ઓછુ હોય તેમ ખીણમાં એક બેઠક સિવાય તમામ બેઠકો પર ભાજપના ઉમેદવારોએ તેમની ડિપોઝીટ પણ ગુમાવી દીધી છે. કાશ્મીરમાં મિશન ૪૪ને હાંસલ કરવા માટે ભાજપે તમામ તાકાત લગાવી દીધી હતી. મોદીએ તમામ વ્યસ્ત કાર્યક્રમ છતાં નવ રેલી કરી હતી. મોદીએ જ્યાં રેલી કરી હતી.તેમા ચાર જગ્યાએ સફળતા મળી છે. ભાજપને આશા હતી કે તે હિન્દુ વસ્તીવાળા જમ્મુમાં ક્લીન સ્વીપ કરશે. પરંતુ તેમાં સફળતા મળી નથી.

## સેંસેક્સ ૧૯૮ પોઈન્ટ ઘટીને બંધ

મુંબઈ,તા. ૨૪

શેરબજારમાં આજે મંદીનું મોજુ રહ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સ ૨૯૮ પોઈન્ટ ઘટીને ૨૭૨૦૯ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૯૩ પોઈન્ટ ઘટીને ૮૧૭૪ની સપાટીએ રહ્યો હતો. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો બીએસઈ આઈટી અને ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં એક ટકાથી વધુનો ઘટાડો રહ્યો હતો. એફએમસીજી, હેલ્થકેર ઈન્ડેક્સમાં એક ટકાનો ઘટાડો રહ્યો હતો. બીએસઈ રિયાલીટી ઈન્ડેક્સમાં એક ટકાનો સુધારો જોવા મળ્યો હતો. બજારમાં આવતીકાલે ક્રિસમસના પ્રસંગે રજા રહેશે. ડિસેમ્બરના મહિનામાં ઉથલપાથલ રહે છે. ઈન્ડેક્સમાં ટ્રેડિંગ રેંજ પણ ઉતારચઢાવવાળી રહે છે. બ્રોડર માર્કેટમાં મિડકેપ ઈન્ડેક્સમાં સુધારો જોવા મળ્યો છે. સ્મોલકેપ ઈન્ડેક્સમાં ફ્લેટ સ્થિતિ જોવા મળી છે. માર્કેટ બ્રીડ્થ નકારાત્મક રહી છે. કેબિનેટમાં આજે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા હતા જેની અસર બજાર ઉપર રહી હતી. વિમા અને કોલસા વટહુકમને કેબિનેટે લીલીઝંડી આપી હતી. આ આદેશ હેઠળ વિમા કંપનીઓ વિમા સંયુક્ત સાહસમાં તેમની ભાગીદારીને ૨૬ ટકાથી વધારીને ૪૯ ટકા કરી શકશે. મેક્સ ઈન્ડિયા, રિલાયન્સ કેપિટલ, એક્સાઈડ ઈન્ડસ્ટ્રી, આદિત્ય બિરલા, બજાજ, ફાઈનસર્વના શેરમાં ૧-૪ ટકા વચ્ચેનો સુધારો થયો હતો. ફાર્મા કંપનીઓના શેરમાં પણ તેજી રહી છે. સનફાર્માના શેરમાં આજે એક ટકાનો ઘટાડો રહ્યો હતો. સિપ્લાના શેરમાં ૦.૭ ટકાનો ઘટાડો રહ્યો છે. એનટીપીસીના શેરમાં બે ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. ઓએનજીસીના શેરમાં પણ બે ટકાનો ઘટાડો રહ્યો છે. ગેલમાં ત્રણ ટકાથી વધુનો ઘટાડો જોવા મળ્યો છે. આરઆઈએલમાં ૦.૭ ટકાનો ઘટાડો થયો છે. યુરોપિયન શેરબજારમાં આજે ક્રિસમસની રજા પહેલા તેજી રહી હતી. સતત સાતમાં સેશનમાં વોલસ્ટ્રીટમાં તેજી જામી હતી. ઘરઆંગણે ભેલ અને બજાજ ઓટો, એમ એન્ડ એમમાં ઉલ્લેખનીય ઘટાડો રહ્યો હતો. શેરબજારમાં ગઈકાલે તેજી ઉપર બ્રેક મુકાઈ હતી. કારોબારના અંતે સેંસેક્સ મંગળવારે ૧૯૫ પોઈન્ટ ઘટીને ૨૭૫૦૬ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૫૭ પોઈન્ટ ઘટીને ૮૨૬૭ની સપાટીએ રહ્યો હતો. બેંચ માર્ક સેંસેક્સમાં છેલ્લા ત્રણ સેશનથી તેજી ચાલી રહી હતી. ઉથલપાથલના અંતે કારોબારીઓ આજે સાવધાન રહ્યા હતા.

## પીકે ફિલ્મની કમાણી ૧૦૦ કરોડથી વધારે

મુંબઈ,તા. ૨૪

રાજકુમાર હિરાની દ્વારા નિર્દેશિત નવી ફિલ્મ પીકે બોક્સ ઓફિસ ઉપર રેકોર્ડ સફળતા મેળવી રહી છે. ભારતમાં માત્ર ચાર દિવસના ગાળામાં જ આ ફિલ્મ ૧૧૩.૫ કરોડની કમાણી કરી ચુકી છે. બોક્સ ઓફિસ ઉપર આ ફિલ્મ ઝડપથી નવા રેકોર્ડ કરી રહી છે. પ્રથમ ચાર દિવસમાં સૌથી ઝડપથી ૧૦૦ કરોડના આંકડા સુધી પહોંચનાર ફિલ્મ બની ગઈ છે. અનુષ્કાએ માહિતી આપતા કહ્યું છે કે, પીકે ફિલ્મને જે પ્રકારે પ્રતિસાદ મળી રહ્યો છે તેનાથી અમે ખુબ જ ખુશી છીએ. આ ફિલ્મ આગામી દિવસોમાં પણ નવા રેકોર્ડ સર્જે તેવી શક્યતા છે. આ ફિલ્મમાં આમિરખાને પીકે તરીકેની ભૂમિકા અદા કરી છે. આમિર ખાનની સાથે ફિલ્મમાં સંજય દત્ત, અનુષ્કા શર્મા અને સુસાંત રાજપુતે ભૂમિકા ભજવી છે. ફિલ્મ તમામ લોકોને પસંદ પડી રહી છે. આમિર ખાનની ફિલ્મ પીકે ૧૦૦ કરોડની કમાણી કરનાર સૌથી ઝડપી ફિલ્મ બની છે.

**૧૪ દિવસની રજા મંજુર થઈ**

## બોલિવુડ સ્ટાર સંજય દત્તને ફરી રજા મળી

નવી દિલ્હી,તા. ૨૪

વર્ષ ૧૯૯૩માં મુંબઈ સીરિયલ બ્લાસ્ટ સાથે જોડાયેલા મામલામાં યરવાડાની જેલમાં સજા ભોગવી રહેલા ફિલ્મસ્ટાર સંજય દત્તની ૧૪ દિવસની ફરલો રજા મંજુર કરી લેવામાં આવી છે. તમામ વિધી પૂરી કરવામાં આવ્યાબાદ સંજય દત્તને બહાર આવવાની મંજુરી આપી દેવામાં આવી છે.

ગેરકાયદે હથિયારો રાખવાના આરોપસર સંજય દત્તને ૫ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. જે પૈકી ૧૮ મહિનાની સજા તે કાર્યવાહી



દરમિયાન જ ગાળી ચુક્યો છે. હાલમાં ૪૨ મહિનાની સજા તેને ગાળવાની બાકી છે. સંજય દત્તે ૧૪ મહિના માટે ફરલો રજા માટે અરજી કરી હતી. જેલ વહિવટી તંત્રના ડીઆઈજી પાસે અરજી મોકલવામાં આવી હતી. જેલના એક અધિકારીએ કહ્યું છે કે, અભિનેતાએ બે મહિના પહેલા અરજી કરી હતી. અગાઉ પણ ફરલો હેઠળ રજા મેળવી હતી. હવે ફરી એકવાર આવી જ વ્યવસ્થા હેઠળ તે બહાર જઈ શકશે. મે ૨૦૧૩થી ૪૨ મહિનાની સજા ભોગવી રહેલા સંજય દત્ત હજુ સુધી ૧૧૮ દિવસ પેરોલ ઉપર જેલની બહાર રહી ચુક્યો છે. ફરલોને બે સપ્તાહ બાદ પુરતા કારણોના આધાર ઉપર ૧૨૦ દિવસ સુધી વધારવામાં આવી શકે છે. ૧૬મી મે ૨૦૧૩ના દિવસે સંજય દત્તે ગયા વર્ષે ઓક્ટોબરમાં ૨૮ દિવસની રજા લીધી હતી. ત્યારબાદ ફરી રજા લીધી હતી જેથી વિવાદ થયો હતો.